શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૭
અંક : ૮

**સમયસર......**

માનવીય શિસ્ત એ જ બચાવ.

પેટ્રોલીયમ પેદાશોના ઉપયોગથી ચાલતા વાહનો કે મશીનરી આપણા વાતાવરણને કેટલી અસર કરે છે ? તેનો વિચાર બધા કરે છે. પણ તે માટે પગલાં ભરવા જોઈએ તે બાબતે આપણે બધા ઉદાસીન છીએ. આપણે પેટ્રોલીયમનો જથ્થો ખુટી જવાની ચિંતા કરીએ છીએ પરંતુ તેના કરતા મોટી ચિંતા તેના વપરાશથી થતાં નુકસાનની છે.

આ પ્રકારે ચલાવાતા વાહનોનો વપરાશ ઘટાડીએ. નજીકના સ્થળોની અવરજવર ચાલીને અથવા સાયકલના ઉપયોગથી કરીએ. લાંબી મુસાફરીમાં રેલ્વે કે બસ જેવા જાહેર સાધનોનો ઉપયોગ કરીએ. સૂર્ય ઉર્જા તથા પવન ઉર્જાને શકય તેટલા પ્રમાણમાં ઉપયોગમાં લેવા આગ્રહ રાખીએ. પાણીના વપરાશ અને તેના બગાડ પર સંવેદનશીલ બનીએ. વરસાદના પાણીના સંચયની વૈજ્ઞાનિક રીતો અપનાવી ખેતીમાં સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિનો ઉપયોગ કરીએ. ઘરમાં ચીલાચાલુ બલ્બ/ટયુબલાઈટની જગ્યાએ કોમ્પેકટ ફલરોસેન્ટ લેમ્પ (સીએફએલ) વાપરવાથી વીજળીની બચત કરી શકીએ. કોમ્પ્યુટરનો ઉપયોગ નહોય ત્યારે મોટા ભાગે આપણે એવું સમજીએ છીએ કે તે સ્ટેન્ડબાય થશે એટલે ફરી સ્ટાર્ટ કરવું નહી પરંતુ જેટલો સમય સ્ટેન્ડબાય રહે છે તેટલો સમય ૬૦ વોલ્ટના ૩ લેમ્પ જેટલી વિદ્યુતઉર્જા વાપરે છે. પ્લાસ્ટીક બેગના બદલે કાપડની બેગ કે પેપર બેગનો ઉપયોગ આપણને ઘણાં નુકસાનથી બચાવશે. કાગળનો વપરાશ ઘટાડવા તેના ઉપયોગ અંગેનો વિવેક કેળવીએ. જુના પુસ્તકોથી ચલાવી શકાય તો નવા ન ખરીદીએ. વપરાયેલા કાગળનો ફરી ઉપયોગ થઈ શકે તેમ હોય તો નાશ ન કરીએ. ઉપલબ્ધ તમામ સંસાધનોનો ઉપયોગ ઘટાડવો તેનો પુનઃ ઉપયોગ કરવો કે રીસાયકલ (નકામી થયેલી વસ્તુને ફરી વાપરી શકાય તેવી બનાવવી) કરી વપરાશમાં લેવી. (Reduce, Reuse and Recycle)

પર્યાવરણ શિક્ષણનો ફેલાવો કરીએ અને પોતાના જીવનકાળ દરમ્યાન એક વૃક્ષ ઉછેરીએ. ખેતરમાં કે અન્ય જગ્યાએ નકામો

**સફળતાના પાયામાં હંમેશાં સંઘર્ષ જ હોય છે.**

કચરો કે ઘાસ બાળ્યા વગર તેનું ખાતર બનાવવું. નાઈટ્રોજનયુકત ખાતરોનો વપરાશ ઘટાડીએ, સજીવ ખેતી અપનાવીએ અને અન્યને તે માટે પ્રોત્સાહિત કરીએ. પશુઓને ઓછો મિથેન ઉત્સર્જિત થાય તેવો ચારો કે દાણ આપીએ.

**ગાય આધારિત ખેતી**

આજ કાલ સજીવ ખેતીની જગ્યાએ ગાય આધારિત ખેતીની ચર્ચા ચાલી રહી છે. પંદરેક વર્ષ પહેલા ઝેરી જંતુનાશકો તથા રાસાયણિક ખાતરોનો વપરાશ ઘટાડવા તેમજ જનીનિક ફેરફારો વાળા બિયારણ માટે સંસ્થાની ટીમ ખેડૂતો સાથે વાતો કરી રહી હતી. ત્યારે મોટાભાગે ખેડૂતો સાંભળતા હતા પણ તેને અમલમાં મુકી શકાય તેવી સ્થિતિના વિકલ્પો મળી શકતા ન હોવાનું જણાવતા હતા.

હવે આ પ્રકારના વિકલ્પો મળતા ગયા વર્ષે અમારા કાર્યવિસ્તારના ખેડૂતોની મુલાકાત કરી તો લાગ્યુ કે હજુ પણ ખેડૂતોની આ પ્રકારના વિકલ્પો હોવા છતાં બદલાવ લાવવાની તૈયારી નથી. સંસ્થાની ટીમે ધારી તાલુકાના પાંચેક ગામોની મુલાકાત કરી ખેડૂતોએ ઝેરી જંતુનાશકોના વપરાશ ઘટાડવા તૈયારી દર્શાવી. તેઓને જીવામૃત, બીજામૃત, પંચગવ્ય, અગ્નિહોત્ર, નિંદામણ, કીટનિયંત્રણ, જૈવિક જંતુનાશકો સહિત ઘણાં પ્રકારની આપણી પરંપરાગત દેશી દવાઓ બનાવવા તથા તેના ઉપયોગ અંગે તાલીમો યોજી દરેક ગામમાં એક એક આવી દવાઓ બનાવી ગામ લોકોને પડતર ભાવે વેચે તેવી કામગીરી શરૂ થઈ. ખેડૂતો ગુડ એગ્રીકલ્ચર પ્રેકટીસીસના ધારાધોરણો પાળવા તૈયારી દર્શાવી. થોડા ઉપભોકતાઓ અને વિક્રેતાઓ સાથે રહી કેરીના વેચાણ તથા ખેડૂતોના સંગઠનની રચના પર કાર્યવાહી થઈ. આશા બંધાઈ કે ખેડૂતો પરંપરાગત ખેતી પધ્ધતિ તરફ જઈ શકે તેવું છે.

પીપરલા (તળાજા)ના ખેડૂત ચંદુભાઈ બારૈયાએ પોતાની ખેતી પધ્ધતિની વાતો ઉપરોકત ખેડૂતોની એક કાર્યશાળામાં કરી ત્યારે ખેડૂતોએ લીધેલી તાલીમોમાં શીખેલી બાબતો કેટલી બધી કારગત નીવડે છે તે જાણ્યું. ઉત્પાદનમાં વૃધ્ધિ થાય છે અને આ રીતે ઝેરી રસાયણોના ઉપયોગ વિના લેવાયેલા ખેતી પાકોના ભાવો પણ સારા મળી શકે છે તેની ખાત્રી થઈ આ માટે રાષ્ટ્રીય સ્તરે ઘણી એજન્સીઓ કાર્યરત બની છે. ચંદુભાઈએ ખાસ ગાય આધારિત ખેતીની વાત કરી હતી જેમાં ખેતીમાં ઝીરો બજેટ (એટલે એક પણ પૈસાના ખર્ચ વિના), ઉતમ ગુણવતા, બમણું ઉત્પાદન, બમણાં ભાવ અને ઓછા વરસાદની પણ અસર વરતાતી નથી. તેવી બાબતો જણાવી હતી તે વાતને આજે એક વર્ષ થવા આવ્યું છે. એક વર્ષમાં ઘણાં ખેડૂતોએ આ વિગતોને તાજી કરી છે કારણ કે આ તો આપણી પરંપરાગત ખેતીનો જ એક ભાગ છે.


**બદલો લેવા કરતાં ક્ષમા હંમેશા સારી છે.**

આ અંગેના પ્રયાસો હાથ ધરી રહેલા શ્રી સુભાષ પાલેકર, શ્રી ચંદુભાઈ બારૈયા, પ્રફુલભાઈ સેંજલીયા, લાલજીભાઈ સાવલીયા, ભરતભાઈ પરસાણા વિગેરે ખેડૂતો પોતાને થયેલ ફાયદાની વાત બાબતે જરૂરી સાહિત્ય તૈયાર કરી ખેડૂતોને વિનામૂલ્યે આપી રહયા છે. બગસરા સ્થિત સ્વૈચ્છિક સંસ્થાના નિયામક શ્રી દેવચંદભાઈ સાવલીયા અવારનવાર આ પ્રયોગો તેમના કાર્ય વિસ્તારના લોકો અપનાવે તે માટે ખેડૂત સંમેલનો યોજે છે. જેમાં શ્રી ડો. અશોક શાહ, શ્રી અશ્વિનભાઈ જેવા આ ક્ષેત્રમાં સફળતા પૂર્વક કામ કરી રહેલા તજજ્ઞોને બોલાવી ખેડૂતો સાથે સંવાદ કરાવે છે. આ રીતે ખેડૂતો જાણકારી મેળવતા થાય તેમ પ્રયોગમાં પણ આવે છે જેમ કે અઠવાડીયા પહેલા આ



સંસ્થાના પ્રતિનિધિઓએ વિસાવદર તાલુકાના ખાંભા (ગીર)ની મુલાકાત લીધી શ્રી જે. પી. કોટડીયાની વાડીએ જઈને જોયુ તો ઘણાં બધા બેરલમાં રોગ/જીવાત નિયંત્રણ તથા વિવિધ પાકોમાં જરૂરી હોય તેવા તત્વો માટે દેશી મિશ્રણો તૈયાર કર્યા હતા. તેમણે આ વર્ષથી આ પ્રયોગો શરૂ કર્યા છે. તેમણે શરૂ કરેલા પ્રયાસો પુરા ગામમાં પ્રસર્યા છે. આવતા વર્ષ સુધીમાં આખા ગામને સજીવ ખેતી તરફ લઈ જવાનો તેમણે સંકલ્પ કર્યો છે.

આ રીતે અગાઉ નહી સફળ થયેલા પ્રયાસોને ગતિ મળી છે તેનાથી ટીમ પ્રોત્સાહિત થઈ છે.



## પ્રેરણા પ્રવાસ

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીથી કૃષિ માર્ગદર્શન મળી રહે તે હેતુથી ગીરસોમનાથ જીલ્લાના ઉના અને ગીરગઢડા તથા અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાના ખેડૂતોનો એક પ્રેરણા પ્રવાસ યોજાયો જેમાં ૫૦ ખેડૂતો જોડાયા હતા.

સરદાર સ્મૃતિ કેન્દ્ર ખાતે વિસ્તરણ શિક્ષણ નિયામક શ્રી ડો. પારેખીયા એ ખૂબજ ઉપયોગી એવી રોગ–જીવાત નિયંત્રણની માહિતી આપી હતી તેઓએ ખેડૂતો સંગઠીત થઈ સામૂહિક ખેતી તરફ જાય તો જ ખેતી ખર્ચ ઘટે તેમ ભારપૂર્વક જણાવ્યું હતું. આખા ગામની ખેતી માત્ર પાંચ યુવાનો દ્વારા થઈ શકે તે વાત તેમણે ઉદાહરણ સાથે સમજાવી હતી.





ઉપરોકત તમામ ખેડૂતો આ વર્ષથી "ઉતમ કપાસની ખેતીને પ્રોત્સાહન" એ કાર્યક્રમમાં જોડાયેલા હતા તેઓએ જમીન માવજત, રોગજીવાત નિયંત્રણ, વીણી અને સંગ્રહ અંગેની માહિતી આ પ્રવાસ દરમ્યાન યુનિવર્સિટી કેમ્પસના મ્યુઝીયમ તથા યુનિવર્સિટીના નિષ્ણાંતો પાસેથી મળી હતી. તેઓએ કપાસ ઉપરાંત તેલીબીયાં, કઠોળ, બાજરી, જુવાર, શાકભાજી, મસાલા, બાગાયત, ફુલછોડ વગેરેની ખેતી પધ્ધતીઓ વિશે માહિતી મેળવી હતી. આ ઉપરાંત સૂક્ષ્મ પિયત, કૃષિઓજારો તથા પશુ વિજ્ઞાનની જાણકારી મળી હતી. તેમને પ્રોસેસીંગ યુનિટ, મુલ્ય વર્ધન અને બજાર વ્યવસ્થા અંગે ચર્ચાઓ કરવાનો મોકો મળ્યો હતો.

***જયાં બુધ્ધિ શાસન કરે છે, ત્યાં શાંતિમાં વૃધ્ધિ થાય છે.***

## એન્ટરપ્રિન્યોર વીઝીટ – લેપ્રસી કોલોની જુનાગઢ

જુનાગઢ ખાતે દાતાર રોડ પર આવેલ રકતપીતની સારવાર માટે આવેલ હોસ્પિટલની બાજુમાં વસવાટ કરી રહેલા લોકો પૈકી અમુક પરિવારના લોકો મંડપ વ્યવસાયમાં છુટક મજુરી કરતા હતા. તે પૈકી પાંચ વ્યકિતઓએ જુથમાં રહી પોતાની મંડપ વ્યવસાયની આવડતો બે વર્ષ પહેલા શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રએ યોજેલ એક બેઠકમાં ઉજાગર કરી હતી.

તેને ધ્યાનમાં લઈ સંસ્થાએ તેમને પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. તેઓએ તૈયારી બતાવતા તેમની તાલીમ યોજવામાં આવી. બીઝનેશ પ્લાન તૈયાર કર્યો અને તેના પર કામ શરૂ થયું. તેમને સાસાકાવા ફાઉન્ડેશને આર્થિક સહયોગ કર્યો જેમાંથી તેઓએ મંડપ સર્વિસના





સાધનો ખરીદ્યા. એક ગોડાઉન અને ઓફીસ બનાવી કામગીરી શરૂ કરી.

આ પાંચેય ઉત્સાહી વ્યકિતઓને આ માસમાં મળવાનું થયું. તેમની સાથે તેમના વ્યવસાયની ચર્ચા થઈ, સહિયારા પ્રયાસોથી શરૂ થયેલ મંડપ સમિયાણા વ્યવસાયનો વ્યાપ વધે તે માટે તેઓની ઓર્ડર મેળવવાની પ્રક્રિયા તથા સેવા વિષયક વ્યવસાય હોય તેને લગતી મુશ્કેલીઓ અને તેના નિવારણ પર પરામર્શ કરવામાં આવ્યો. તેમના આવક જાવક તથા નફાની વહેંચણી અંગે રાખવામાં આવતા રેકર્ડ પર ચર્ચા કરવામાં આવી હતી. લોકોને સામાજીક સેવાઓ પ્રાપ્ત થાય તે હેતુથી એક ટ્રસ્ટની સ્થાપના કરી હોવાનું રફીકભાઈએ જાણાવ્યું હતું.

**_સિધ્ધિની સીડી ચડવા માટે સાહસ એ પ્રથમ પગથિયું છે._**

## ધર્મ

મેં વિશ્વના થોડા ભાગને જોયા છે, પૂર્વ અને પશ્ચિમની જાતિઓ વચ્ચે પ્રવાસ કર્યો છે અને પ્રત્યેક જગ્યાએ મે જોયું છે કે જે તે રાષ્ટ્રમાં એક વિશિષ્ટ આદર્શ હોય છે અને તે જાતિની કરોડરજ્જુ સ્વરૂપે હોય છે. આ તેમના રાષ્ટ્રીય પશ્ચાદભૂ માટે કેટલાક દેશની કરોડરજ્જુ રાજનીતિ હોય છે. અન્ય માટે તે સામાજિક સંસ્કૃતિ, બીજાઓ માટે તે બૌધ્ધિક સંસ્કૃતિ વગેરે હોઈ શકે છે. આપણી માતૃભૂમિ પાસે તો ધર્મ છે અને ધર્મ માત્ર તેનો આધાર છે, તેની કરોડરજ્જુ છે, તેનાં આધારભૂત તત્વો છે, જેના પર તેના જીવનની સંપૂર્ણ ઈમારત ટકેલી છે.

ભારતીય જીવનકર્મનો આ વિષય છે. તેના શાશ્વત સંગીતની આ ધૂન છે. તેના અસ્તિત્વની આ કરોડરજ્જુ છે, તેની હયાતીનો પાયો છે, તેના અસ્તિત્વનુ મૂળ કારણ આ છે– માનવજાતિનું આધ્યાત્મિકરણ તેના આ જીવન–માર્ગથી તે કયારેય વિચલિત થઈ નથી, પછી ભલેને શાસન તાર્તરોનું રહયું હોય કે તુર્કોનું શાસન ભલે ને મોગલોનું રહયું હોય કે અંગ્રેજોનું.

– સ્વામી વિવેકાનંદ

## જાણવા જેવુ

સ્ટેથોસ્કોપઃ હદયના ધબકારા માપવાનું સાધન.
ટેલિસ્કોપઃ દુરનો ગ્રહ જોવા માટેનું સાધન.
એપિસ્કોપઃ પરાવર્તિત ચિત્ર જોવાનું સાધન.
એપિડાયોસ્કોપઃ પદાર્થને વિસ્તૃત બનાવે છે.
ગાયરોસ્કોપઃ પૃથ્વીના ભ્રમણની અસર બતાવે.
ગેલ્વેનોસ્કોપઃ વિદ્યુતપ્રવાહની સ્થિતિ દર્શાવે.
પેરિસ્કોપઃ અંતરાય છતાં વસ્તુઓ જોવાય.
બેરોસ્કોપઃ હવાના દબાણનો ફેરફાર સૂચવે.
ઈલેકટ્રોસ્કોપઃ પદાર્થનો વિદ્યુતભાર દર્શાવે.
હાઈડ્રોસ્કોપઃ સમુદ્રનું તળિયું જોઈ શકાય.
હોરોસ્કોપઃ હસ્તસામુદ્રિક શાસ્ત્રદર્શન કરાવે.
માઈક્રોસ્કોપઃ લેન્સ દ્વારા પદાર્થને મોટો બતાવે.
રેડિયોસ્કોપઃ અવકાશી રેડિયોના અવાજો ઝીલે.
સિનેમાસ્કોપઃ ત્રણ પરિમાણ દશ્યમાન થાય.
સ્ટિરિયોસ્કોપઃ ઝીણી વસ્તુને મોટી બતાવે.
એન્ડોસ્કોપઃ ગૃહદર્શક સાધન.
ઓટોસ્કોપઃ કર્ણદર્શક સાધન

### રમુજ એક થેરપી

મહેશ : ઈન્ટરનેટમાં 'ગુગલ' પર કોઈ પણ નામ સર્ચમાં લખો, તો મળી આવે.
સુરેશ : તો કાંતા માસી લખ તો જરા.
મહેશ : એ કોણ છે ?
સુરેશ : એ અમારી કામવાળી છે. પુર આવ્યું ત્યારની આવી નથી... કદાચ ગુગલમાં મળી જાય.

## હિંમતનું મહત્વ

જિન ખોજ તિન પાઈયા, ગહેરે પાની!
જો બૌરા ડૂબન ડરા, રહા કિનારે બૈઠ!!

ઉંડા પાણીમાં ઉતરીને જોયું તો મોતી મળ્યા. ડૂબવાના ભયથી ડરી ગયો, તે કશું મેળવ્યા વિના કિનારે જ બેસી રહયો. સંત કબીરે કહયું કે જે હિંમત પૂર્વક જોખમ વહોરી કંઈક મેળવવાનો પ્રયત્ન કરે તેને જ ઉતમ વસ્તુ મળે છે. જે ડરીને હાર માને તે કશુ મેળવી શકતો નથી.

નિષ્ફળતા કે સંકટોથી ડરી જઈ ભાગ્યને ભરોસે બેસી રહેનારને ભાગ્યે જ સફળતા મળે છે. જે માણસ ડગલું ભર્યુ કે ના હઠવું, એવા દ્દઢ નિશ્ચય સાથે હિંમત પૂર્વક પોતાનુ કાર્ય આગળ ધપાવે એને ઈશ્વર પણ મદદ કરે છે. જે માણસ કેવળ સલામતીનો જ વિચાર કર્યા કરે છે તે કોઈ સિધ્ધિ હાંસલ કરી શકતો નથી.

એકલવ્યને ધનુર્વિદ્યા શીખવવાનો દ્રોણાચાર્યએ ઈન્કાર કરી દીધો, છતાં તે હિંમત હાર્યા નહિ. તેણે બુધ્ધિપૂર્વક ગુરૂની પ્રતિમા સમક્ષ ધનુર્વિદ્યાનો અભ્યાસ કર્યો, પરિણામે તે મહાન બાણાવળી બની શકયો. સ્ટીમ એંજિન, મોટર, વિમાન વગેરેની શોધો તેમના શોધકોના હિંમતભર્યા પ્રયોગોનુ જ પરિણામ છે. વેપાર ઉદ્યોગ, યુધ્ધક્ષેત્ર કે રાજકારણ જેવા ક્ષેત્રોમાં હિંમતવાન માણસો જ સફળ થઈ શકે છે. ગાંધીજી, નેહરૂ, સરદાર, બોઝ, આઝાદ, વીરસાવરકર અને ભગતસિંહ જેવા અનેક દેશભકતોની નૈતિક હિંમતને પ્રતાપે જ આપણે આઝાદી પ્રાપ્ત કરી શકયા.

હિંમત એ શકિતનો અખૂટ સ્ત્રોત છે. હિંમતવાન માણસ દુઃખના ડુગરોમાંથી માર્ગ કાઢી શકે છે. ભયના વાદળોને વિખેરી નાખે છે. સંકટના સાગરોને ઓળંગી જાય છે. કાંટાળા રસ્તે હસતાં હસતાં આગળ વધે છે. સાહસ, ધીરજ, બુધ્ધિ અને સહિષ્ણુતા હિંમતથી જ પ્રાપ્ત થાય છે.

હિંમત અને આંધળુકિયા સાહસ વચ્ચે ઘણો ફેર છે. માણસે હિંમત દાખવતી વખતે વિવેકબુધ્ધિનો પૂરેપૂરો ઉપયોગ કરવો જોઈએ પાંચમાં માળેથી ભૂસકો મારવો કે નદીના બેફામ પૂરમાં તરવા પડવું એ હિંમત નહી મુર્ખાઈ છે. જેટલી હિંમતના અભાવ જેમને ઘોર નિષ્ફળતા મળી હોય એવી અનેક વ્યકિતઓ મળી આવે છે. તે જ પ્રમાણે હિંમત દાખવનારને સફળતા મળી હોય એવા ઉદાહરણો છે. સમય સંજોગો અનુસાર હિંમત રાખી આગળ વધવું જોઈએ.

કવિ શેખાદમ આબુવાલાની આ કાવ્યપંકિતઓ હિંમતવાન લોકોને વાચા આપે છે.

અમને નાખો જિંદગીની આગમાં,
આગને પણ ફેરવીશું બાગમાં,
સર કરીશું આખરે સૌ મોરચાં,
મોતને પણ આવવા દો લાગમાં

**(સંકલનઃ પારૂલ દાફડા )**

***ક્રોધને જીતવા માટે મૌન જેટલું સહાયક બીજું કંઈ નથી.***

**Happy Birthday**

| | | |
|---|---|---|
| 1 | Rinkal Makavana | 01-09-1991 |
| 2 | Tushar Vaghela | 12-09-1991 |
| 3 | Manubhai Goyal | 18-09-1970 |
| 4 | Bharat Vala | 20-09-1985 |

**Engage in this month**

1 Lamp Review Planning at HDRC Behavioural Science Centre Ahmedabad.

5-8 Financial management and business planning of FPO's by FWWB at Ahmedabad.

8. Team meeting at Amreli.

8-9 LEP Education Facilitators Training at Amreli.

12. Workshop on financing farmer pc with agree finance corporation at Ahmedabad Management Association.

12-13 Impact assessment PU 1

13 Health camp, Naliyeri Moli

14 Farmer's (Una, Gir Gadhada and Khambha blocks) exposure visit at Junagadh Agriculture University

17-18 Orientation workshop for level 1 HDRC Behavioural Science Centre Ahmedabad.

19-20 LAMP field visit by AIF

24-25 2nd party credibility check in INGJ14

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**એકવાર અંતરાત્માને વેચ્યા પછી તેને ગમે તે કિંમતે ખરીદી શકાશે નહી.**